ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૫-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

ચૂંટણીપંચ જેવી બંધારણીય સંસ્થા સામેનો વિતંડાવાદ કમનસીબ

ચૂંટણીપંચના ઈતિહાસમાં પહેલી જ વાર જવાબદાર નેતાઓ તરફથી એના પર અનર્ગત આક્ષેપબાજી કરાઈ છે. વિવેકભાન ધરાવતા રાજકારણીઓ ચૂંટણીપંચની મર્યાદા ઓળંગતા નથી. ભારતનું ચૂંટણીપંચ એની તટસ્થતાને કારણે જ દેશમાં શ્રદ્ધાનું કેન્દ્ર બની શક્યું છે. ટી.એન.શેષને પંચને એની સત્તાઓ અને ક્ષમતાઓનો અહેસાસ કરાવ્યો તે પછી એ સતત વધુને વધુ મજબૂત બનતું ગયું છે. સત્તાધારી પક્ષ વિપક્ષો એનો વિશેષ આદર કરતા રહ્યા છે. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ એમની સુરક્ષાના મુદ્દે વારાણસીના રિટર્નિંગ ઑફિસરે બિનિયાબાગમાં રેલી કરવાની મંજૂરી ન આપી એતી ખિજાઈ જઈ ચૂંટણીપંચ સામે ભારે વાંધાજનક વિધાનો ઉચ્ચાર્યાં હતાં. આ બાબત વિશેષ કમનસીબ ગણાય કારણ કે અત્યાર સુધી એક માત્ર સપા નેતા આઝમખાનને બાદ કરતાં રાષ્ટ્રીય કક્ષાના કોઈ નેતાએ ચૂંટણીપંચની સામે સીધા આક્ષેપો કર્યા નહોતા. મોદીએ તો ચૂંટણીપંચ જાણે કેન્દ્ર સરકારની આંગળીના ઈશારે નાચતું હોય એમ પક્ષપાતી વલણનો આરોપ મૂક્યો હતો. અખબારોએ એમના એ શબ્દોને પહેલા પાનાની હેડલાઈન બનાવીને છાપ્યા એ શું દર્શાવે છે? 'મા-દીકરો ના રોકી શકયા તો હવે ચૂંટણીપંચને મોદી વિરુદ્ધ મેદાનમાં ઉતાર્યું'- જેવા જ આક્ષેપો અગાઉ મોદીએ સીબીઆઈ વિરુદ્ધ કરેલા તેનું સહેજ સ્મરણ થઈ આવે છે. ચૂંટણીપંચ તો બંધારણીય સંસ્થા છે, એ સરકારના આદેશો સ્વીકારતું નથી. ચૂંટણીપંચ દાંત વગરનો વાઘ છે, એથી એ ગર્જના જરૂર કરી શકે છે પરંતુ પોતાને પડકારનારા રાજકારણીઓને ખરા અર્થમાં બોધપાઠ ભણાવી શકતું નથી. અબાધિત અધિકારો ધરાવતા ચૂંટણીપંચના અધિકારીઓ પણ અંતે તો કેન્દ્ર કે રાજય સરકારોના નોકરશાહો જ હોય છે. તેથી જયારે નરેન્દ્ર મોદી સામે ચૂંટણીપંચે મતદાનના દિવસે જ કમળનું નિશાન બતાવતાં બતાવતાં જાહેરસભાની સ્ટાઈલમાં મતદાનમથકની નજીક પત્રકાર પરિષદ કરી ત્યારે ચૂંટણી પંચ તત્કાળ સક્રિય બની ગયું હતું, જે મોદી માટે એમના સ્વમાન પર ઘા થયો હોય એવી બાબત હતી. ચૂંટણીના છેલ્લા ત્રણ તબક્કામાં ચૂંટણીપંચ તટસ્થતા જાળવવામાં નિષ્ફળ ગયું હોવાનો મોદીનો આક્ષેપ પંચને પણ ગંભીર જણાતાં એણે વળતો ખુલાસો કરવામાં વાર નથી લગાડી, પંચના વડાએ સ્પષ્ટ જણાવ્યું છે કે તેઓ ભલભલા ચમરબંધીથી પણ ડરતા નથી. વળી વારાણસીના રિટનિંગ આફિસર એવા સ્થાનિક કલેકટરે વ્યાવસાયિક નિષ્ણાતની સલાહ મુજબ સભાની મંજૂરી ન આપી હોય તો તેમનો નિર્ણય ચૂંટણીપંચ ફેરવી શકે નહીં. એમના નિર્ણયને કોઈ રાજકીય પક્ષ કે પ્રદેશની સરકારના પ્રભાવ હેઠળનો ખોટો અને પક્ષાપક્ષીવાળો નિર્ણય માની શકાય નહીં. નરેન્દ્ર મોદીએ ચૂંટણીપંચ વિરુદ્ધ સતત ભાષણબાજી ચલાવીને અને છેલ્લે ભાજપ કાર્યાલય સુધી રોડ શો યોજીને ધરાર એમની સભા નહીં થઈ શકી એનું સાટું વાળી લીધું હતું, છતાં ચૂંટણીપંચ કે સ્થાનિક પ્રશાસન એમને અટકાવી શક્યું નહોતું. ગુજરાતમાં જે.એમ. લિંગદોહ સામે તેઓ ઈસાઈ હોવાને કારણે સોનિયા ગાંધીના ઈશારે ચાલતા હોવાનો આક્ષેપ કરી મોદીએ ૨૦૦૨નાં રમખાણો પછી થયેલ ચૂંટણીમાં હિંદુ મતોનું ભારે ધ્રુવીકરણ કરવામાં કામિયાબી મેળવી હતી. ચૂંટણીપંચે ગુજરાતની ૩૦ એપ્રિલના રોજ થયેલ ચૂંટણી ટાણે મોદી વિરુદ્ધ દાખવેલું વલણ વારાણસી ખાતે એમણે ઉમેદવારી કરતાં યોજેલ રોડ શો પછી વધુ કડક બન્યું હતું. ચૂંટણીપંચે એમને અન્ય ઉમેદવારોની જેમ જ 'ટ્રીટ' કર્યા તે મોદી ખમી શકયા નથી. આથી એમણે ચૂંટણીના છેલ્લા તબક્કે ચૂંટણીપંચ વિરુદ્ધ મોરચો ખોલી દીધો છે. પી. ચિદમ્બરમ્ અને દિગ્વિજયસિંહ જેવા રાષ્ટ્રીય નેતાઓએ ચૂંટણીપંચની કાર્યવાહીને યોગ્ય ઠેરવી છે. બંધારણીય સત્તાઓ ધરાવતી આવી રાષ્ટ્રીય સંસ્થાની તટસ્થતા સામે શંકા દર્શાવવી તે કદાચ સહાનુભૂમિના મતો જરૂર અપાવી શકે પરંતુ એથી લોકશાહી નબળી પડશે તે નક્કી. મોદીએ તો રાષ્ટ્રીય નેતા તરીકે આ મુદ્દે વિશેષ સંયમ રાખવાની જરૂર હતી. એને બદલે આખેઆખા ભાજપે મોદીને થયેલ કહેવાતા અન્યાય વિરુદ્ધ વારાણસી સહિત દેશભરમાં ધરણાં યોજી સ્વકેન્દ્રિત સત્તાલક્ષી રાજકારણનો જ પરિચય આપ્યો છે.

ગાંધીનગરમાં વેકેશનના માહોલ વચ્ચે બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ ટયુશનમાં વ્યસ્ત

ધો-૧૦, ૧૧, ૧૨ના વિદ્યાર્થીઓની કારકિર્દીને મહત્વ આપી વાલીઓએ રજાઓની મજા ત્યજી

ગાંધીનગર, તા.૯

રાજયભરની શાળાઓમાં વેકેશન પડી ગયું છે. જેથી સૌ કોઈ આ વેકેશન દરમિયાન કરવાની પ્રવૃત્તિના આયોજન કરી રહ્યા છે અને તેનો આનંદ માણી રહ્યા છે. જયારે ગાંધીનગરમાં ધો-૧૦, ૧૧, ૧૨ના વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષાની પૂર્વ તૈયારીના ભાગરૂપે હાલ ટયુશનમાં વ્યસ્ત બન્યા છે. જો કે વાલીગણ પણ પોતના સંતાનની ઉજજવળ કારકિર્દી બાબતે ચિંતીત બની રજાઓની મજાનો આનંદભેર ત્યાગ કર્યો છે. જેથી શિક્ષણનગરીમાં હજુ પણ શિક્ષણ પ્રત્યેની ચહલપહલ માર્ગો પર જોવા મળી રહી છે.

શિક્ષણનું હબ ગણાતું રાજયનું પાટનગર શિક્ષણથી સહેજ પણ છેટું પડતું નથી શાળાઓમાં વેકેશન પડી ગયું હોવા છતાં વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવતા હોવાનું દૃશ્ય માર્ગો ઉપર જોવા મળી રહ્યું છે. જો કે ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા લેવાતી ધો-૧૦, ૧૧ અને ૧૨ની પરીક્ષા આ વિદ્યાર્થીઓમાં ગંભીરતા લાવી છે. સાર માર્કસ મેળવી ઉંચી ટકાવારીનો લક્ષાંક પ્રાપ્ત કરવા વેકેશન દરમિયાન અભ્યાસકમની પૂર્વ તૈયારીઓ વિદ્યાર્થીઓ ટયુશન દરમિયાન કરી શકે તે મૂળભૂત હેતુ હોવાનું જાણવા મળ્યું છે.

પોતાના સંતાનની કારકિર્દી માટે વાલી ગણ પણ એટલો જ સભાન બન્યો છે. વેકેશનની રજાઓ દરમિયાન પોતાની તમામ ઈચ્છાઓને ભીતરમાં ધરબી દઈ પોતાનું સંતાન ઉચ્ચ ટકાવારી પ્રાપ્ત કરે તેનું મહત્વ વાલીઓએ સ્વીકાર્યુ છે. જયારે એક વર્ષની જ ફી ની ગણતરી હોવા છતા શિક્ષકો પણ વધારાના વર્ગ લઈ વિદ્યાર્થીઓને મદદરૂપ બનવા પ્રયત્નશીલ બન્યા છે અને તેઓએ પણ વેકેશનને અલવિદા કરી છે. ત્યારે આજના સંજોગોમાં શિક્ષણ થકી જ બધું પ્રાપ્ત થઈ શકશે તે યથાર્થ ઠેરવતા આ વિદ્યાર્થીઓને ઝડપથી સમજાઈ ગયું છે તે સારી બાબત લેખાઈ છે.

રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ ૧૧મી મેની ઉજવણી નિસર્ગ સાયન્સ સેન્ટર કરશે

સેક્ટર-૨૩ સ્થિત સેન્ટર ખાતે ઉર્જાવાન મુકવામાં આવશે : નિદર્શન કરવા શહેરીજનોને અપીલ કરાઈ

ગાંધીનગર, તા. ૯

સમગ્ર દેશમાં ૧૧મી મેના રોજ રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ મનાવવામાં આવશે. નિસર્ગ સાયન્સ સેન્ટર, સેકટર-૨૩ ખાતે ટેકનોલોજી દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે. ઉર્જા મિત્રવાન સેન્ટર ખાતે મુકવામાં આવશે. વાનનું નિદર્શન કરવા નગરના વિદ્યાર્થીઓ અને વડીલોને જણાવવામાં આવ્યું છે.

ભારત દેશમાં તા. ૧૧ મે, ૧૯૯૮ના રોજથી રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસે ભારતે પોખરણ ખાતે પરમાણુ પરિક્ષણ અને બેગ્લોર ખાતે ત્રિશુલ મિશાઈલનું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારથી દેશમાં રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસનો ઉદય થયો છે.

રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસની ઉજવણી શહેરના સેકટર-૨૩માં આવેલી નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે કરવામાં આવનાર છે. તા. ૧૧ મેના રોજ સવારે ૭ થી ૧૧ કલાક દરમિયાન આ દિવસની ઉજવણી કરવામાં આવશે. ટેકનોલોજી ફોર ફ્યુચર થીમ પર યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે વિદ્યાર્થીઓ અને નગરજનોને ટેકનોલોજીનું ભવિષ્યમાં મહત્વ ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના જીતેષ મહેતા સમજાવશે.

તેમજ સંસ્થાના ટ્રસ્ટી અનિલ પટેલ દ્વારા ભવિષ્યમાં જયારે ઉર્જાના સ્ત્રોત ખુટી પડશે ત્યારે બિનપરંપરાગત ઉર્જાનો જ ઉપયોગ કરવો પડશે તેની વિસ્તૃતમાં માહિતી પુરી પાડશે. આ રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસની ઉજવણીમાં શહેરીજનો, બાળકો અને મહિલાઓ જોડાઈ ઉર્જાવાનનું નિદર્શન કરવા અપીલ કરવામાં આવી છે.

G.T.U. સંલગ્ન ડીગ્રી ઈજનેરી-ફાર્મસી, MBA MCA કોલેજોની ફી નિર્ધારણ માટે રહી રહીને કવાયત

નવું શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ વર્ષ ૨૦૧૪ થી ૧૭ સુધીની ફીનું માળખુ જાહેર થશે ? : અમદાવાદમાં ફી નિર્ધારણ કમિટીની કોલેજ સંચાલકો સાથે બેઠક

રાજકોટ, તા. ૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૪માં લેવાયેલ ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામ ચાલુ માસમાં જ જાહેર કરી દેવામાં આવનાર છે. અને આ પરિણામ બાદ ગુજરાત ટેકનોલોજી યુનિ.ની એડમીશન કમિટી દ્વારા પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

પરંતુ તે પૂર્વે રાજ્યની ગુજરાત ટેકનોલોજી યુનિ. સંલગ્ન ડીગ્રી ફાર્મસી, ડીગ્રી ઈજનેરી, એમ.બી.એ., એમ.સી.એ. કોલેજોની વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭ સુધીની ફી નિર્ધારણ કરવા માટેની કવાયત શરૂ કરી દેવામાં આવી છે.

અમદાવાદ ખાતે ગઈકાલે ફી નિર્ધારણ અંગે રાજ્યભરની ગુજરાત ટેકનોલોજી યુનિ. સંલગ્ન ડીગ્રી ફાર્મસી-ઈજનેરી, એમ.બી.એ., એમ.સી.એ. કોલેજોના સંચાલકો અને આચાર્યોની ખાસ બેઠક મળી હતી.

જેમાં ફી નિર્ધારણ કમીટી અને એડમીશન કમિટીના મેમ્બરોએ નવી ફીના નિર્ધારણ અંગે કેવી રીતે ઓનલાઈન અરજી કરવી? સહિતના મુદ્દે સહિતના મુદ્દે કોલેજ સંચાલકોને માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

દરમિયાન એવુ ચર્ચાઈ રહ્યું છે કે ફી નિર્ધારણની કાર્યવાહી જાન્યુઆરીથી શરૂ થવી જોઈએ. તેના બદલે મોડી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ખરેખર બુકલેટમાં કોલેજોની નવી ફી આવરી લેવી જોઈએ.

પરંતુ સમયસર ફી નિર્ધારણ થતું નથી અને વિદ્યાર્થીઓ કોલેજોમાં એડમીશન મેળવી લીધા બાદ જે તે કોલેજોની ફીમાં વધારો થતો હોય તેની સામે વિદ્યાર્થીઓમાં અસંતોષ વ્યાપે છે ત્યારે ફી નિર્ધારણની કાર્યવાહી વહેલી શરૂ કરવી તે જરૂરી છે.

હરિની દૃષ્ટિ...

મહાદેવ, આપના બીજા અગિયાર જ્યોર્તિલીંગ છે. હમણાં ત્યાં ન જશો, ત્યાં બહુ ભીડભાડ થઇ ગઇ છે...!!

વિદ્યાર્થીઓના આંદોલન સામે ડૉ. આંબેડકર છાત્રાલયનું તંત્ર ઘુંટણીયે પડયું

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૭માં આવેલ ડૉ. બાબાસાહેબ કુમાર છાત્રાલયના છાત્રોએ બે દિવસ અગાઉ અસુવિધાને લઈ સામુહિક હડતાલ કરી હતી. હડતાલને લઈને તંત્રના અધિકારીઓ છાત્રોના ઘૂંટણીયે પડતા હડતાલનો સુખદ અંત આવ્યો છે.

ગાંધીનગરના સે-૭માં અનુસૂતિ જાતિના વિદ્યાર્થીઓ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર છાત્રાલય આવેલી છે. આ છાત્રાલયનાં છાત્રોએ બે દિવસ અગાઉ હડતાલ કરી હતી. છાત્રાલયમાં તંત્ર દ્વારા જરુરી સુવિધાઓ પુરી પાડવામાં આવતી ન હોવાને કારણે સામૂહિક હડતાલ પર ઉતર્યા હતા.

આ હડતાલને લઈને તંત્રએ વિદ્યાર્થીઓ માટે હકારાત્મક અભિગમ દાખવ્યો છે ત્યારે હવેથી છાત્રાલય વિદ્યાર્થીઓને પીવાનું ઠંડુ પાણી, જમવામાં છાશ અને રમતગમતના સાધનો પુરા પાડશે જેવી બાંહેધરી આપતા વિદ્યાર્થીઓએ આંદોલનનો અંત આણ્યો હતો.

મહારાણા પ્રતાપની જન્મ જયંતિ ફળ વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા રાજપુત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આજે મહારાણા પ્રતાપની ૪૭૪મી જન્મ જયંતિ નિમિતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફળ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા રાજપુત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ, નટુભા વાઘેલા, બચુભા બિહોલા, જશુભા પરમાર, સંજયસિંહ રાઠોડ, રજુજી ગોલ તથા રાજપુત સમાજના યુવાનો અગ્રણીઓએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત કરી હતી.

આજે સે. ૩-સીમાં સુંદરકાંડ પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૯

સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ આજરોજ શનિવાર રાત્રે ૮.૦૦ વાગે ગગનભાઈ મહેતાના નિવાસસ્થાન પ્લોટ નં. ૪૬૫/૨, સેક્ટર-૩-સી ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. સુંદરકાંડ પાઠમાં નગરના ભાવિભક્તોને લાભ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

આજે પેથાપુરમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૯

મા અંબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજ રોજ, શનિવાર બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન સોડા ફેકટરીવાળા મધુભાઈ કાન્તિલાલના નિવાસ સ્થાન મોટીબજાર, પંડયા બિલ્ડીંગની બાજુમાં પેથાપુર ખાતે યોજવામાં આવશે. આ આનંદના ગરબામાં પેથાપુરના રહીશોને પધારવા અગ્રણી નટુભાઈ દરજીએ જણાવ્યું છે.

આપણે યંત્રોને બનાવ્યાં છે, જો જો, એ આપણને ન બનાવી જાય!

એક વિષય મારા મનમાં સતત ઘોળાયા કરે છે. મને લાગ્યું કે મારા સુજ્ઞ વાચતો અને ચિંતકો પાસે મારું દિલ ખોલું.

છેલ્લા પંદરેક વર્ષ દરમિયાન ટેલિવિઝન, લેપટોપ, મોબાઈલ વગેરે વિજાણુ ઉપકરણોનો ઉપયોગ ખૂબ જ વધ્યો છે. એના પગલે પગલે માણસની કાર્યશક્તિ અને કાર્યગતિ વધી ગઈ હોય એવું લાગે છે. માણસની દોડાદોડી પણ અનહદ વધી ગઈ છે.. જાણે એણે સમય સાથે સ્પર્ધા ન માંડી હોય! માણસની જીવનશૈલીમાં ભૌતિકતા પણ ખૂબ વધી ગઈ. મનુષ્યની કર્મેન્દ્રિયોની ઉત્તેજના પણ વધી ગઈ. સ્વજનો અને મિત્રો પાસેથી આશા-આકાંક્ષા- અપેક્ષા વધી ગઈ. યંત્ર સાથેનું જોડાણ અમર્યાદપણે વધી જવાથી એની યાંત્રિકતા વધી ગઈ. એની એકલતા પણ વધી ગઈ... કાણ કે એની દોસ્તી ગેઝેટસ સાથે વધી ગઈ.

આમ ઘણું વધી ગયું... વધવા જેવું પણ, અને ન વધવા જેવું પણ!

પણ... સાથે સાથે ન ઘટવા જેવું ઘણું બધું ઘટી ગયું...

જેમ કે... મિત્રો અને મૈત્રીસંબંધો ઘટી ગયા. હા, ( ) અને ( ) જેવા પરોક્ષ મિત્રો ઘણા વધ્યા... પણ સુખ-દુઃખમાં પડખે ઊભા રહે એવા મિત્રો જરૂર ઘટ્યા.

જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોની કુશળતા અને ક્રિયાશીલતા ઘટી. એ બધાં કામો હવે યંત્રો કરવા લાગ્યાં. એટલી હદ સુધી કે મન નામની અગિયારમી ઈન્દ્રિય કે જે જ્ઞાનેન્દ્રિય પણ છે. અને કર્મેન્દ્રિય પણ... તેનું વિચારવાનું કામ પણ ભવિષ્યમાં કદાચ યંત્રોને સોપી દેવાનું વિજ્ઞાન વિકસે. પોસ્ટકાર્ડ- પત્રો લખવાનું તો સાવ જ બંધ થઈ ગયું. હવે ભાગ્યે જ કોઈ પોતાના હાથે પત્ર લખતું હશે! એસએમએસ, એમએમએસ અને મોબાઈલ એ બધાં કામો કરી લે છે. લેપટોપ અને ટેબ્સ દ્વારા ઈ-મેલ મોકલાઈ જાય છે. ચેટીંગ થઈ જાય છે.

મને ઘણા કહે છે, હવે કાગળ અને કલમ ગયાં! લખવાનું તો લેપટોપ પર જ. ધીમે ધીમે આંગળીઓ કલમ પકડવાનું ભૂલી જશે!

કેટલાક નજીકના મિત્રો મને કહે છે, તમે પણ હવે સીધું કોમ્પ્યુટર કે લેપટોપ પર લખતા હો તો? કેટલી બધી ઝડપપકડાય? તમે કેટલું બધું લખો છો! આ બધાં આધુનિક યંત્રોથી તમારું પુસ્તક- ઉત્પાદન ખૂબ ઝડપી થઈ જશે!

પણ... કોઈ મને જૂનવાણી કહે તો જૂનવાણી! મારે એ યંત્રો સાથે આત્મીયતાપૂર્ણ મૈત્રી સ્થપાતી જ નથીને! અહીં તો કાગળ અને કલમનો સંગમ થાય તો જ જ્ઞાનતંતુઓનો સળવળાટ થાય.

હા, આપણે ઘટવાની વાત કરતા હતા. ઘણું બધું ઘટ્યું છે. પ્રામાણિકતા બેહદ સ્વરૂપે ઘટી ગઈ. મોબાઈલ પર જૂઠાણાં ઉપર જૂઠાણાં બોલી શકાય.

પરસ્પરનો સમન્વય ઘટયો, સંકલન ઘટયું, વાર્તાલાપ ઘટયો. એ બધું થાય છે ખરું, પણ એ પોતાના યંત્ર સાથે!

કયારેક ટ્રેઈનમાં મુસાફરી કરતાં એવા અનુભવો થાય છે કે મારી બાજુમાં બેઠેલો માનવી, સાવ બાજુમાં બેઠેલો માનવી મારી સાથે એક શબ્દ પણ બોલતો નથી અને કોઈ દૂરની વ્યક્તિ સાથે કલાકોના કલાકો વાતો કર્યા કરે છે. યંત્રો ખૂબ નજીક આવ્યાં, માણસ દૂર ગયો.

ન જોવા જેવાં ઘણાં દૃશ્યો- ચિત્રો માણસ પોતાના મોબાઈલ કે ટેબમાં જોયા કરે છે, પણ કુદરતે ચારેકોર વરેલા અખૂટ સૌંદર્યને માણવાની એને નવરાશ નથી.

આધુનિક ગેઝેટસ લઈને ફરતો, આજુબાજુ બેઠેલા કોઈની પણ સાથે વાત ન કરતો અને મળે તેવી જગ્યામાં ગોઠવાઈ જઈ ને પોતાનાં ગેઝેટસ પર ગંભીરતાથી કામ કરવા મંડી પડેલો માનવી ખૂબ પ્રગત ગણાય છે. બધા એનાથી અંજાઈ જાય છે અને એની સાથે વાત માંડતા પણ ડરે છે. એક્સયુઝ મી! કહી ખૂબ વિનમ્રપણે વાત શરૂ કરવાનો શિરસ્તો બન્યો છે.

કોઈ માણસ આત્મીયતાથી વાતનો દોર સ્થાપી શકે અને એકબીજાને સમજવાનો કે એકબીજાને પરિચય કરવાના ઉદ્દેશથી વાતો કરી શકે એવું હવે ભાગ્યે જ જોવા મળે છે.

આમાં શું ઘટયું? માણસની મિલનસાર બનવાની વૃત્તિ ઘટી ગઈ. એ એકાંગી બન્યો. એ યંત્ર સાથે જોડાયો પણ પોતાની સાવ નજીકની, આજુબાજુની દુનિયાથી એ દૂર ગયો. એ વિશ્વ સાથે જોડાયો, પણ પોતાનાં પડોશી, મહોલ્લા કે ગામથી વિખૂટો થયો. એ ગ્લોબલ બન્યો એવું કહેવાતું હશે, પણ એ તો લોકલ પણ ન બન્યો... એ કયાંયનો કે કોઈનો ન રહ્યો. એ રહ્યો કેવળ યંત્રનો..

મારી આ બધી વાતોને આધુનિક માણસો નેગેટીવીટી કહી શકે. પણ મને શ્રદ્ધા છે મનુષ્યની આંતરિક શક્તિઓમાં.. એના અંતઃકરણમાં, એનાં બહિર્કરણોમાં નહીં!

આ બધાં યંત્રો બહિર્કરણો છે. એમણે મોઢામોઢનું ગણિત અને પલાખાઓ ભૂલવાડી દીધા. અક્ષરો અત્યંત ખરાબ રીતે બગાડી નાખ્યાં. ભાષા, વ્યાકરણ કે જોડણી જેવા ભાષાનુશાસનના તત્વને ખેદાનમેદાન કરી નાખ્યું. સંવેદનાઓ ઘટી. ચીવટ અને ચોકસાઈ ઘટયાં. સંબંધોની તાકાત ઘટી.

નથી લાગતું કે યંત્રોના અતિરેકે, વધુ પડતા બિનજરૂરી ઉપયોગે માણસને અસ્તવ્યસ્ત કરી નાખ્યો!

મારી આ બધી વ્યથાઓ એટલા માટે નથી કે હું યંત્રોનો વિરોધી છું. વાસ્તવમાં હું યંત્રોનો નહીં, યાંત્રિકતાનો વિરોધી છું. સપ્રમાણ ઉપયોગ કરવામાં આવે તો યંત્રો ઉપકારક છે. અમર્યાદ ઉપયોગ વિનાશ વેરે છે. વિનાશ એટલા માટે કે યંક્ષો ઘણા બધા માણસોનું કામ કરી નાખે, આશ્ચર્યજનક ઝડપથી અને ચીવટથી પરિણામો આપે... તેથી છેવટે યંત્રોની મહત્તા વધી, માણસની ઘટી. રોજગારી વધવાને બદલે બેરોજગારી વધી. યંત્રો અને યંત્રોના ઉપયોગને જાણનારનું મહત્વ અત્યધિક.. જયારે પરંપરાગત કળા-કૌશલ્યને જાણનારનું મહત્વ કોડીનું! પહેલાં ચિત્રકારો પોતાની કલાનો અભિષેક કાગળ પર કરતા અને મુખપૃષ્ઠો બનતાં.. આર્ટ ગેલેરીઓ ઊભરાતી. પણ હવે આવું બધું કોમ્પ્યુટરમાંથીજન્માવી શકાય છે. એક માણસના ધડ પર બીજા માણસનું માથું ગોઠવીને અવળચંડાઈ આદરી શકાય છે.

કોમ્પ્યુટર પર આંગળાનો જાદુ ચાલવા લાગ્યો... મન-હૃદયનાં અનુસંધાનો તૂટ્યાં.

યંત્રના અતિરેકે ખૂબ નુકસાન વેર્યુ છે એમ હું માનતો થયો છું. માનવીનો ચિંતન-મનન, વાચન અને લેખન સાથેનો સંબંધ ખૂબ પાતળો થયો જણાય છે.

જાણીતા લેખક અને ચિંતકશ્રી નગીનદાસ સંઘવી એમના પુસ્તક 'આગિયાનો ઉજાસ'માં પૃષ્ઠ ૭૯ પર લખે છે-

'યંત્રોના અતિરેકથી અને યંત્રોની અદ્‌ભુત કાર્યશક્તિના કારણે માણસ પર વધારે ને વધારે યાંત્રિક બનતો જાય છે અને જીવનના આનંદનો ઉપભોગ કરવાનું ભૂલતો જાય છે.

માણસ પોતાની જરૂરીયાતો અથવા શોખને કારણે અન્ય પ્રાણીઓ પાસેથી પણ તેમનાં જીવતર, તેમની આઝાદી, તેમનો આનંદ લૂંટી લેવા લાગ્યો છે. જ્ઞાન અને યંત્રોના સંયોજનથી માણસ ધારે તેટલું કરી શકે છે. તેવા અહંકારને કારણે એક મહાસત્ય આપણે વિસારે પાડી રહ્યા છીએ. યંત્ર દસ, પચાસ કે સો સામાન્ય માણસોનું કામ બજાવી શકે. સેંકડો કે હજારો યંત્રો સાથે મળીને પણ એક અસામાન્ય માનવીનું કામ બજાવી શકે નહીં.

હજારો કોમ્પ્યુટરો એકઠાં કરીએ, તો પણ કાલિદાસનું મેઘદિત કે ગાંધીજીના જીવનદર્શનનું સર્જન થઈ શકે નહીં. યંત્રો માનવીના આદેશ મુજબ આંકડાઓ અને હકીકતો હર કોઈ ઢાંચામાં ઢાળી શકે છે. પણ સર્વોત્તમ કોમ્પ્યુટર જાતે મૌલિકપણે વિચારી શકતું નથી, લાગણી અનુભવી શકતું નથી. તેને આનંદ કે વેદનાનો ખ્યાલ હોતો નથી. કાગળ કે પ્લાસ્ટિકના બનેલા ફૂલને કુદરતનાં જેવાં રૂપરંગ કે સુગંધ આપીએ, તો પણ સાચા ફૂલની કુમાશ કે અનુભૂતિ તેમનામાં હોતી નથી. જ્ઞાનને સીમાડા નથી, પણ જ્ઞાનને પામવાની, પચાવવાની મનાવની શક્તિ મર્યાદિત છે તે વાસ્તવિકતા નજરઅંદાજ કરવી ના જોઈએ.'

તો શું આપણે સાર રૂપે આટલું ન વિચારી શકીએ?

કે... યંત્રો અપનાવીએ, પણ માનવીને ન ભૂલીએ.

યંત્ર અપનાવીએ, પણ યાંત્રિક ન બનીએ.

યંત્રની સાથે આપણા આંતરિક ચૈતન્યને ન વીસરીએ.

ભૌતિક વિકાસની સાથે આધ્યાત્મિક વિકાસ પણ કરીએ.

કર્મેન્દ્રિયો- જ્ઞાનેન્દ્રિયોની ચપળતા અને ક્રિયાશીલતાને ન અવગણીએ.

યાદ રાખીએ...

આપણે યંત્રોને બનાવ્યાં છે.

એ આપણને ન બનાવી જાય!

આપણે યંત્રોના માલિક-સર્જક છીએ,

એના ગુલામ આપણે ન બની જઈએ.

જો આમ નહીં કરીએ તો...

વિશ્વને નવા વિજ્ઞાનીઓ નહીંમ મળે.

શ્રેષ્ઠ સર્જકો અને કવિઓ નહીં દેખાય.

કલાકારોની કળા મૃગજળ સમી બની જશે.

આપણે જાળવવાનું છે સંતુલન. આપણે કરવાનો છે યંત્રોનો સમુચિત ઉપયોગ... અને આપણે ગરિમા બક્ષવાની છે માનવશક્તિને અને માનવ સંબંધઓને...

તો... અહીં અટકું છું..

- હર્ષદ પ્ર. શાહ